–: પ્રેસનોટ :–

અમદાવાદ શહેરમાં ભારત સરકારના બુલેટ ટ્રેન પ્રોજેક્ટનું બાંધકામ સાબરમતી થી વટવા સુધીનું પાયલોટીંગનું કામ તથા સેગમેન્ટ લગાવવાનું કામ દિનેશચંદ્ર આર.અગ્રવાલ ઇન્ફ્રાકોન પ્રા.લી.,કંપની દ્વારા કરવામાં આવી રહેલ છે. આ કામકાજ અંતર્ગત **કાલુપુર બ્રીજ (શ્રી મનુભાઇ પરમાર ઓવરબ્રીજ)** ઉપર બુલેટ ટ્રેનના કોરીડોર ઉપર સેગમેન્ટ ચડાવવાની કામગીરી કરવામાં આવનાર છે.

આ કામગીરી કંપની દ્વારા **તા.૨૨/૫/૨૦૨૬ થી તા.૨૫/૫/૨૦૨૬ સુધીના ફક્ત રાત્રી કલાક ૦૦.૦૦ થી ૦૬.૦૦** દરમિયાન કરવામાં આવનાર છે. જેથી આ કામકાજ દરમિયાન નીચે મુજબની વિગતે ટ્રાફિક ડાયવર્ઝન કરવામાં આવનાર છે.

વાહનોની અવર–જવર માટે પ્રતિબંધિત માર્ગ :

- કાલુપુર સર્કલ બ્રિજના છેડેથી કાલુપુર બ્રિજ ઉપર આવેલા નાના સર્કલ સુધીનો આશરે ૫૦૦ મીટરનો રોડ તા.૨૨/૫/૨૦૨૬ થી તા.૨૫/૫/૨૦૨૬ સુધીના ફક્ત રાત્રી કલાક ૦૦.૦૦ થી ૦૬.૦૦ સુધી બંધ રહેશે.

વૈકલ્પિક માર્ગ :

- નરોડા રોડ તથા સરસપુર તરફથી આવતા ટ્રાફિકને કાલુપુર સર્કલ તરફ જવા માટે સરસપુર સર્કલથી નૂતન મિલ રોડ થઈ વોરાના રોજા ચાર રસ્તાથી ડાબી બાજુ વળી ડૉ.આંબેડકર ફલાય ઓવર (ચામુંડા બ્રિજ) થઈ અસારવા સિવિલ હોસ્પિટલ રોડથી રચના સ્કૂલ રોડ થઈ ગિરધરનગર ચાર રસ્તાથી બાબુ જગજીવનરામ બ્રિજ ઉપર થઈ ઈદગાહ રોડ થઈ કાલુપુર સર્કલ તરફ જઈ શકશે.
- રખિયાલ–ગોમતીપુર તરફથી કાલુપુર બ્રિજ પર આવતા ટ્રાફિકને કાલુપુર સર્કલ તરફ જવા માટે સરસપુર સર્કલથી ગુરુદ્વારા રોડ થઈ ચારતોડા કબ્રસ્તાન રોડ થઈ ડાબી બાજુ વળી રખિયાલ ચાર રસ્તાથી જમણી બાજુ વળી મુર્ગા સર્કલ ચાર રસ્તાથી એપેરલ પાર્ક મેટ્રો સ્ટેશન થઈ અનુપમ સિનેમા રોડ થઈ અનુપમ બ્રિજથી કાંકરિયા રોડ થઈ સારંગપુર સર્કલ થઈ કાલુપુર સર્કલ તરફ જઈ શકશે.
- રિલીફ રોડ તથા દિલ્હી દરવાજાથી આવતા ટ્રાફિકને નરોડા રોડ અને સરસપુર તરફ જવા માટે કાલુપુર સર્કલથી ફ્રુટ માર્કેટ થઈ પાંચકુવા થઈ ઈદગાહ રોડ થઈ બાબુ જગજીવનરામ બ્રિજ ઉપર થઈ ગિરધરનગર ચાર રસ્તાથી જમણી બાજુ વળી રચના સ્કૂલ રોડ થઈ અસારવા સિવિલ હોસ્પિટલ રોડ થઈ મોહન સિનેમા ચાર રસ્તા થઈ ચમનપુરા ચાર રસ્તા થઈ આંબેડકર બ્રિજ ઉપર થઈ નરોડા રોડ તથા સરસપુર તરફ જઈ શકશે.
- આસ્ટોડિયા–રાયપુર તરફથી આવતા ટ્રાફિકને રખિયાલ તરફ જવા માટે કાગડાપીઠ પોલીસ સ્ટેશન થઈ વાણિજ્ય ભવન થઈ કાંકરિયા રોડ થઈ અનુપમ બ્રિજ ઉપર થઈ અનુપમ સિનેમાથી ડાબી બાજુ વળી એપેરલ પાર્ક મેટ્રો સ્ટેશન થઈ સુખરામ ચાર રસ્તા થઈ મુર્ગા સર્કલ ચાર રસ્તાથી રખિયાલ તરફ જઈ શકશે.
- નરોડા જી.સી.એસ. હોસ્પિટલ રોડ તરફથી આવતો ટ્રાફિક સરસપુર તથા ગોમતીપુર જવા માટે કાલુપુર બ્રિજ ઉપરથી જઈ શકશે. તે જ રીતે સરસપુર–ગોમતીપુર તરફથી આવતા ટ્રાફિકને નરોડા રોડ ઉપર જવા માટે કાલુપુર બ્રિજ ઉપરથી જઈ શકશે.

જે અંગેની તમામ નાગરિકોને જાણ કરવામાં આવે છે.

તા.૨૦/૫/૨૦૨૬

'પોલીસ કમિશનરશ્રી નાઓના હુકમથી'

(અશ્વિન ચૌહાણ)
સંયુક્ત પોલીસ કમિશનર
ટ્રાફિક, અમદાવાદ શહેર